# કૅપિટલ હેલ્થની આર્થિક મદદ નીતિ
## સરળ ભાષામાં સાર

કૅપિટલ હેલ્થ આર્થિક મદદ નીતિ/કાર્યક્રમ (FAP) લાયક દર્દીઓને કૅપિટલ હેલ્થ દ્વારા આંશિક રીતે અથવા પૂરેપૂરી રાહત દરે સ્વાસ્થ્યસંભાળ સેવાઓ પૂરી પાડવા માટે અસ્તિત્વમાં છે. આર્થિક મદદ ઇચ્છતા દર્દીઓએ કાર્યક્રમ માટે અરજી કરવાની રહેશે જેનો સાર અહીં આપેલો છે.

લાયક સેવાઓ – કૅપિટલ હેલ્થ દ્વારા પૂરી પાડવામાં આવતી અને કૅપિટલ હેલ્થ દ્વારા જેનું બિલ આપવામાં આવે છે તેવી સ્વાસ્થ્યસંભાળ સેવાઓ. FAP માત્ર કૅપિટલ હેલ્થ દ્વારા જેનું બિલ આપવામાં આવ્યું તેવી સેવાઓને લાગુ પડે છે. જે માટે ફિઝિશિયન અથવા લેબોરેટરીઓ જેવા અન્ય પ્રદાતાઓ દ્વારા અલગ રીતે બિલ આપવામાં આવે છે તેવી અન્ય સેવાઓ FAP હેઠળ લાયક નથી.

લાયક દર્દીઓ – લાયક સેવાઓ મેળવનારા દર્દીઓ કે જેઓ આર્થિક મદદની સંપૂર્ણ અરજી સુપ્રત કરે (સંબંધિત દસ્તાવેજો/માહિતી સહિત), અને જેઓ કૅપિટલ હેલ્થ દ્વારા આર્થિક મદદ માટે લાયક જણાય.

અરજી કઈ રીતે કરવી – FAP અને સંબંધિત અરજીપત્રક નીચે પ્રમાણે મેળવી શકાય/પૂરું કરી શકાય/સુપ્રત કરી શકાય:

1. કૅપિટલ હેલ્થના મુખ્ય આઉટપેશન્ટ રજીસ્ટ્રેશન ડેસ્ક અથવા કેશિયર ઑફિસ ખાતે મેળવવામાં આવેલ હોય.
2. 609-394-6023 પર કૅપિટલ હેલ્થના પેશન્ટ ઍકાઉન્ટ ડિપાર્ટમેન્ટને કૉલ કરીને દસ્તાવેજો તમને ટપાલમાં મોકલવામાં આવે તેવી વિનંતી કરવી.
3. ટપાલ દ્વારા/અથવા રૂબરૂ મુલાકાત લઈને દસ્તાવેજોની વિનંતી કરવી: કૅપિટલ હેલ્થની કેશિયર ઑફિસ કે જે 750 Brunswick Avenue, Trenton, NJ 08638 ખાતે કૅપિટલ હેલ્થ રિજિયોનલ મૅડિકલ સેન્ટર ખાતે મુખ્ય લૉબીમાં આવેલી છે અથવા One Capital Way, Pennington, NJ 08534 ખાતે કૅપિટલ હેલ્થ સેન્ટર - હોપવૅલ ખાતે મુખ્ય માળ પર આવેલી છે. (ટપાલ દ્વારા, રૂબરૂ અથવા કોઇપણ સ્થળે પણ કૅપિટલ હેલ્થ આર્થિક મદદ નીતિ ઉપલબ્ધ છે.)
4. કૅપિટલ હેલ્થની વેબસાઈટમાંથી દસ્તાવેજો ડાઉનલોડ કરો: https://www.capitalhealth.org
5. સંપૂર્ણ અરજીઓ (અરજીની સૂચનામાં સૂચવેલા બધા દસ્તાવેજો/માહિતી સાથે) આ સરનામે મોકલો: Capital Health's Patient Accounts Department, 750 Brunswick Avenue, Trenton, NJ 08638; અથવા ઉપર #3 પર આવેલ કોઇ એક સરનામે રૂબરૂ આપો.

આર્થિક મદદની યોગ્યતાનું નિર્ધારણ – સામાન્ય રીતે, લાયક વ્યક્તિઓ સ્લાઈડિંગ સ્કેલનો ઉપયોગ કરીને આર્થિક મદદ માટે લાયક હોય છે, જ્યારે તેમની કૌટુંબિક આવક ફેડરલ સરકારની ફેડરલ ગરીબી માર્ગદર્શિકાઓ (FPG)ના 200% પર અથવા તેનાથી નીચે હોય છે. આર્થિક મદદ માટેની યોગ્યતાનો અર્થ એ છે કે લાયક વ્યક્તિઓ તેમની સંભાળ પૂરેપૂરી અથવા આંશિક રીતે આવરી લેશે અને વીમાથી આવરિત વ્યક્તિઓને "સામાન્ય રીતે બિલ કરવામાં આવતી રકમો" (AGB)થી વધારે રકમનું બિલ તેમને આપવામાં આવશે નહીં (AGB, ઈન્ટર્નલ રેવન્યુ સર્વિસ દ્વારા IRC Section 501 (r)માં વ્યાખ્યા આપ્યા પ્રમાણે). આર્થિક મદદના સ્તરો કે જે માત્ર કૌટુંબિક આવક અને FPG પર જ આધારિત છે:

- કૌટુંબિક આવક FPGના 0થી 200% પર
  પૂરી આર્થિક મદદ; દર્દીને $0 બિલેબલ છે.

- કૌટુંબિક આવક FPGના 200થી 300% પર
  આંશિક આર્થિક મદદ; AGB દર્દીને મહત્તમ બિલેબલ છે.

નોંધ: FPG ઉપરાંતના અન્ય માપદંડો પર પણ વિચાર કરવામાં આવે છે (એટલે કે રોકડ અથવા અન્ય સંપત્તિઓની ઉપલબ્ધતા કે જેને રોકડમાં તબદીલ કરી શકાય, અને માસિક ઘરગથ્થુ ખર્ચાઓની સરખામણીમાં વધારાની માસિક ચોખ્ખી આવક), કે જે અગાઉની બાબતમાં અપવાદોમાં પરિણમી શકે છે. જો કોઇ કૌટુંબિક આવક નોંધાય નહીં તો રોજિંદી જરૂરિયાતો કેવી રીતે પૂરી થાય છે તેની માહિતીની જરૂર પડશે. કૅપિટલ હેલ્થના દર્દી એકાઉન્ટ વિભાગ સુપ્રત કરેલી સંપૂર્ણ ભરેલી અરજીઓની સમીક્ષા કરે છે અને કૅપિટલ હેલ્થની આર્થિક મદદ નીતિ પ્રમાણે આર્થિક મદદની યોગ્યતા નક્કી કરે છે. અપૂર્ણ અરજીઓને ધ્યાનમાં લેવામાં આવતી નથી, પરંતુ અરજદારોને જાણ કરવામાં આવે છે અને તેમને ખૂટતા દસ્તાવેજો/માહિતી પૂરા પાડવાની તક આપવામાં આવે છે.

કૅપિટલ હેલ્થ તેના FAP, FAP અરજી પત્રક અને તેના FAPના સરળ ભાષામાં સારનું અન્ય ભાષામાં પણ ભાષાંતર કરે છે જેમાં કૅપિટલ હેલ્થ દ્વારા જેની સેવા કરવામાં આવતી હોય તેવા સમુદાયના રહીશોની માતૃભાષા કૅપિટલ હેલ્થનો ઉપયોગ કરવાની સંભાવના ધરાવતી વ્યક્તિઓની કુલ વસ્તીના 5 ટકા અથવા 1,000નું પ્રતિનિધિત્વ કરતી હોય. વિનંતી કરવા પર, ભાષાંતર કરેલ સંસ્કરણો નીચેના સરનામે રૂબરૂ અને કૅપિટલ હેલ્થની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

મદદ, સહાયતા અથવા પ્રશ્નો માટે કૃપા કરીને કૉલ કરો: 609-394-6023 પઅર કૅપિટલ હેલ્થના પેશન્ટ ઍકાઉન્ટ્સ ડિપાર્ટમેન્ટ ખાતે; 750 Brunswick Avenue, Trenton, NJ 08638 ખાતે, સોમવારથી શુક્રવાર બપોરે 1:30થી સાંજે 4:30 વાગ્યા સુધી કૅપિટલ હેલ્થ રિજિયોનલ મૅડિકલ સેન્ટર ખાતે મુખ્ય લૉબીમાં આવેલી કૅપિટલ હેલ્થની કેશિયરની ઑફિસ અથવા One Capital Way, Pennington, NJ 08534, સરનામે કૅપિટલ હેલ્થ મેડિકલ સેન્ટર - હોપવૅલ ખાતે મુખ્ય માળ પર સવારે 8:00 વાગ્યાથી બપોરે 12:00 વાગ્યા સુધીમાં રૂબરૂ મુલાકાત લો.

છેલ્લે અપડેટ થયું 4.26.2018